મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૬ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગરના આંગણે સાતમો મૂક-બધિર સમૂહ લગ્નોત્સવ યોજાશે

સે. ૨૨ રંગમંચ ખાતે ૨ માર્ચે સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર દ્વારા આયોજિત લગ્નોત્સવમાં ૧૨ નવદંપત્તિઓ પ્રભુતામાં પગલા પાડશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના આંગણે ફરી એકવાર મૂક-બધિર વયસ્કોનો સમૂહ લગ્નોત્સવ યોજાવા જઈ રહ્યો છે. જે આગામી તારીખ ૨ માર્ચે સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે યોજાવાનો છે. આ સમૂહ લગ્નોત્સવ સતત સાતમી વખત યોજાવા જઈ રહ્યો છે. જેનું સંપૂર્ણ આયોજન ગાંધીનગરની જાણીતી સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર દ્વારા કરવામાં આવ્યું છે. આ સાતમો સમૂહ લગ્નોત્સવ પણ પાછલા છ સમૂહ લગ્નોત્સવ મુજબ સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે સંસ્થા દ્વારા અથાગ મહેનત કરવામાં આવી છે.

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર સેક્ટર-૨૮ ખાતે કાર્યરત છે. આ સંસ્થા માત્ર મૂક-બધિરોને શિક્ષણ જ નહિ પરંતુ તેમને જીવન જીવવા માટેનો યોગ્ય માર્ગ અને માર્ગદર્શન આપે છે. જેમાં ગાંધીનગરના તથા અન્ય વિસ્તારના દાનવીર દાતાઓનો સહયોગ અગત્યનો ભાગ ભજવે છે. દાતાઓના સહયોગથી આ સંસ્થા સતત સાતમી વખત મૂક-બધિર વયસ્કોનો લગ્નોત્સવ યોજવા જઈ રહેલ છે.

આ લગ્નોત્સવ માટે તારીખ ૧૫ ડિસેમ્બરના રોજ લગ્ન પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી મૂક-બધિર વયસ્કોએ ભાગ લીધો હતો અને આ પસંદગી મેળામાંથી પસંદગી પામેલ વયસ્કોનો સાતમો લગ્નોત્સવ ૨ માર્ચે યોજવાનો છે. જેમાં ૧૨ મૂક બધિર વયસ્કો આ દિવસે પ્રભુતામાં પગલા પાડશે. જેઓ ગાંધીનગર

ઉપરાંત સુરત, કેશોદ, જૂનાગઢ, નવસારી, દાહોદના વતની છે.

આ સાતમા લગ્નોત્સવ વિશે ગાંધીનગર સમાચારે સંસ્થાના સ્થાપક સ્વ. કમલેશભાઈ અમૃતલાલ જાનીના દિકરા વૈભવ જાની (સંચાલક) સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે આ સાતમા સમૂહ લગ્નોત્સવમાં દિકરીઓને કરિયાવરમાં આપવામાં આવતી ચીજવસ્તુઓ માટે ગુજરાતભરમાંથી દાતાઓ દ્વારા સહયોગ કરવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી ૮૦ જેટલી ચીજવસ્તુઓનું દાતાઓ તરફથી ભેટ મળી છે. જેમાં સોનાની કડી, સોનાની બુટ્ટી, સોનાની ચૂની, ચાંદીની ઝાંઝરી, ચાંદીનું મંગળસૂત્ર, તીજોરી, પલંગ, પાનેતર સહિત ઘરવખરીની ચીજવસ્તુઓની ભેટ દિકરીઓને આપવામાં આવશે. જેથી આ નવદંપત્તીઓને નવા લગ્નજીવન બાદ કોઈ પણ વસ્તુની ખોટ રહેશે નહિ તેવો સંપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે. સંસ્થાના ટ્રસ્ટી નિશિતભાઈ વ્યાસ અને રાજુભાઈ પંચોલી દ્વારા સંસ્થાના તેમજ શહેરભરના મૂક બધિરો માટે તેમના શિક્ષણ અને લગ્ન જીવન માટે સંપૂર્ણ સહયોગ કરવામાં આવી રહેલ છે. જેના થકી છ વર્ષમાં ઘણા બધા મૂક બધિર નવદંપત્તીઓને લગ્નજીવન જીવવાનો અનેરો મોકો મળેલ છે. સમાજમાં મૂક-બધિરો માટે કાર્યરત આ સંસ્થા સમગ્ર ગુજરાતની એકમાત્ર સંસ્થા છે જે મૂક-બધિરોનો લગ્નોત્સવ યોજે છે. આ સેવાકાર્યમાં કેલાશબેન જાનીનું પણ મહત્વનું યોગદાન રહેલ છે. સ્વ. કમલેશભાઈ જાનીએ આ લગ્નોત્સવની શરૂઆત કરેલ હતી જેમના સ્વર્ગવાસ બાદ તેમના દિકરાએ તેમનું આ બીડુ ઝડપ્યુ છે અને તેમના આદર્શોને અનુસરીને ગુજરાતના મૂક-બધિરો માટે આશીર્વાદરૂપ બનેલ આ સંસ્થાએ અંધકારમાં પ્રકાશને ઉજાગર કરવાનું કાર્ય કર્યું છે. લગ્નોત્સવમાં ભોજન સમારંભના દાતા યુ.એસ.એ.ના નિઆકુમારી પટેલ અને આશા પટેલ છે.

આ લગ્નોત્સવમાં પરમ પૂજ્ય ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રી (પંચદેવ મંદિર, સે. ૨૨), મા વૈષ્ણદેવી ધ્યાનયોગી, (એમ.ફીલ. ફીલોસોફી એન્ડ ઈન્ડીયન કલ્ચર ગોલ્ડ મેડાલીસ્ટ), રીટાબેન કેતનભાઈ પટેલ (ગાંધીનગર ઉત્તર ધારાસભ્ય), હિતેષભાઈ મકવાણા (મેયર, ગાંધીનગર, મનપા), પ્રેમલસિંહ ગોલ (ડે. મેયર), કૃષ્ણકાન્ત જહા, (તંત્રી ગાંધીનગર સમાચાર), કમલકિશોર જૈન (ડાયરેક્ટર, કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન)ની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

જન્મદિને વધામણી



સી.એલ. મહેતા
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૦૧૬૩ ૨૮૦૨૨

ડો. યશરાજ એસ. મજમુદાર

જગદીશ પરમાર



કરણસિંહ
મો. ૯૨૬૫૫ ૮૭૫૧૦

સચિન ત્રિવેદી
મો. ૯૪૨૬૨ ૪૧૭૦૦

ભવ્યરાજ
નરેશકુમાર પરમાર

જલ્પા જે શાહ
મો. ૯૮૨૪૫ ૪૩૧૦૧



કાન્તાબેન કે.સોલંકી
મો. ૯૮૨૫૨ ૭૦૯૭૨

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વાલ્મિકી વિહાન સાહીલભાઈ ઉ.વ. ૦૨, સેકટર-૨૮, છાપરા
- સ્વ.બારોટ જયદેવભાઈ લલ્લુજી ઉ.વ.૮૪, નાદરી, માણસા

બોરીજ ખાતે સ્ત્રી ચેતના દ્વારા ઘર સ્વચ્છતા-ઘર સુશોભન અભિયાન

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં સમાજ સેવાનો ભેખ ધારણ કરીને કાર્ય કરતી સંસ્થા "સ્ત્રી ચેતના ગાંધીનગર" દ્વારા સરકારી પ્રા. શાળા બોરીજના સહયોગથી બોરીજ ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત "ઘર સ્વચ્છતા અને ઘર સુશોભન" ના નવા વિચાર સાથે એક સરસ મજાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામવાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ઉદગમ ટ્રસ્ટના ડૉ. મયુરભાઈ જોશી, કોર્પોરેટર ભરતભાઈ દીક્ષિત, કોર્પોરેટર હેમાબેન ભટ્ટ, ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી તથા સમાજસેવી મનોજભાઈ જોશી આ વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્ત્રી ચેતનાના સેક્રેટરી ડૉ. નેનસી ગુમે દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સ્ત્રી ચેતનાના મેન્ટર હર્ષાબા ધાંધલ, ઉપાધ્યક્ષ ડૉ. વૈદેહીબેન ટાટુ, મિતલબેન રાણા, ઉષાબેન ટાટુ, રાજેશ્રીબેન કાજાળે, મેઘાબેન જોશી તથા નીતાબેન એ નિર્ણાયક તરીકે ઉત્તમ સેવા આપી હતી. "ઘર સ્વચ્છતા અને ઘર સુશોભન" સ્પર્ધાના પ્રથમ વિજેતા

રાઠોડ નિશાબેન, દ્વિતીય વિજેતા મારવાડી શીતલબેન અને તૃતીય વિજેતા ત્રિશાબેન ખાંટ જાહેર થયા હતા. કાર્યક્રમના અંતમાં સ્પર્ધાના વિજેતાઓને ગૃહ ઉપયોગી ઈનામ આપવામાં આવ્યા હતા. દરેક સ્પર્ધકને એક કિલો ખાંડનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સ્ત્રી ચેતનાના અધ્યક્ષ વૈજયંતીબેન ગુમેએ શાળાના બાળકોને જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવી, ઉપસ્થિત અતિથિઓ, શાળા પરિવાર, સ્પર્ધક દીકરીઓ, તેમની માતાઓ તથા બોરીજ ગામવાસીઓનો આભાર માન્યો હતો. ડૉ. મયુરભાઈ જોશીએ સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંચાલન કર્યું હતું. બોરીજ સરકારી પ્રાથમિક શાળાના કાર્યશીલ આચાર્ય કાશ્મીરાબેન તેમજ તેમના શીક્ષકગણે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આચાર્ય કાશ્મીરાબેન એ આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે આ પ્રકારના સ્વચ્છતાના કાર્યક્રમથી ગામવાસીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવશે જેનો સમાજને ફાયદો થશે. આ પ્રકારના કાર્યક્રમો ગામેગામ થવા જોઈએ. બાળકોએ સ્વચ્છતાની આદત કેળવવી જોઈએ.

એસ.વી.શાળામાં 'પેરેંટ ટોક' સેશન

ગાંધીનગર, તા.૨૮

શહેરની સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં શાળા દ્વારા દર મહિને 'પેરેંટ ટોક' સેશન યોજવામાં આવે છે, જે અંતર્ગત શાળાના નર્સરી, જૂનિયર કે.જી. અને સીનિયર કે.જી.ના દરેક કલાસના એક-એક બાળકના વાલીને પોતાના કાર્યક્ષેત્રને અનુરૂપ વિષય ઉપર બાળકો સાથે વાર્તાલાપ કરવા માટે આમંત્રણ આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન યોજાયેલી 'પેરેંટ ટોક' સેશનમાં વાલીઓએ વિવિધ વિષયો ઉપરનું પોતાનું જ્ઞાન ચાર્ટ, મોડેલ અને પીપીટી દ્વારા બાળકો સાથે અત્યંત ઉત્સાહથી રજૂ કર્યું હતું. અમુક વાલીઓએ બાળકો સાથે રમતો રમી હતી જ્યારે અમુકે એક્ટિવિટી પણ કરાવી હતી. બાળકો માટે આ સેશન ઘણું જ ફળદાયી રહ્યું હતું. વાલીઓએ આ સેશન માટે ખૂબ જ મહેનત લીધી હતી, જે બદલ શાળા પરિવારે તેમનો આભાર માન્યો હતો. જ્યારે વાલીઓએ પણ આ નવતર પ્રયોગ કરવા બદલ અને પોતાને અનોખો મોકો આપવા બદલ મેનેજમેન્ટ પ્રતિ આભાર અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

શાહપુર પ્રાથમિક શાળાની કૃતિ રાજ્ય ઈનોવેશન ફેરમાં રજુ કરાઈ

ગાંધીનગર, તા.૨૮

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ઈડર આયોજિત રાજ્ય કક્ષાનો આઠમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ- ૨૦૨૩, તારીખ - ૨૬, ૨૭, ૨૮ના રોજ ઈડર ખાતે યોજાઈ ગયો. ઈનોવેશન ફેરમાં રાજ્યભરમાંથી ૧૬૭ જેટલા પ્રાથમિક ,માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક શાળાના પસંદગી પામેલા શિક્ષકોએ શિક્ષણમાં કરેલ નવતર પ્રયોગોની કૃતિઓ ની રજૂઆત કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાંથી કુલ પાંચ કૃતિઓનો સમાવેશ થયો હતો. જેમાં દહેગામ સાણોદા પ્રાથમિક શાળાના પ્રશાંતભાઈ શર્મા દ્વારા મારા બાળ વૈજ્ઞાનિકો, ગાંધીનગરના શાહપુર પ્રાથમિક શાળાના અશ્વિનભાઈ પ્રજાપતિ દ્વારા મારો દેશ મારી સંસ્કૃતિ, કલોલની ડિંગોચા પ્રાથમિક શાળાના જિજ્ઞાસાબેન પ્રજાપતિ દ્વારા લર્નિંગ ઈંગલિશ વિથ ઈઝી મોડ, શ્રીમતી જે.એમ.જી હાઈસ્કુલ - શેરથાના શ્રીમતી ડિમ્પલબેન એચ.ભટ્ટ દ્વારા યુટયુબ ચેનલ ડિમ્પલ ભટ્ટ અને પારસા હાઈસ્કૂલના રાકેશભાઈ પટેલ દ્વારા કોમર્સના અઘરા લાગતા વિષયો ચાલો સરળ રીતે ભણીએ ને રજુ કરવામાં આવી હતી.

આર.જી.કન્યા વિદ્યાલય ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૮

શ્રીમતી આર.જી.પટેલ કન્યા શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ધો.૯ની ૬૦ વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન આધારિત વિવિધ પોસ્ટરો બનાવી પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેનો લાભ શાળાની તમામ વિદ્યાર્થીનીઓએ મેળવ્યો હતો. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ બાળ વૈજ્ઞાનિક માનસ કેળવાય અને વિજ્ઞાન વિષયમાં રુચિ વધે તે હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને માર્ગદર્શન શાળાના આચાર્ય ગીતેશભાઈ પટેલે આપ્યું હતું.

બોરિજ પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા આયોજિત, સમર્પણ પબ્લિક સ્કૂલના સહયોગથી બે કલાક નોન-સ્ટોપ સ્કેટિંગ ઈવેન્ટનું આયોજન સેક્ટર-૨૮ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં બોરિજ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ગ્રીહેમ પરમારે સતત બે કલાક સુધી નોન-સ્ટોપ સ્કેટિંગ ઈવેન્ટમાં ભાગ લઈ, ઈવેન્ટને ફિનિશ કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરીને ગાંધીનગર શહેરનું અને બોરિજ પ્રાથમિક શાળાનું નામ રોશન કર્યું હતું. કોચ મિલાપ ટાટારિઆ ટાઈગરે અભિનંદન પાઠવ્યા હતા અને સાથે જણાવ્યું હતું કે, "ગ્રીહેમની જીત તેની સખત મહેનત તેમજ તેના માતા-પિતાના સમર્થનનું પરિણામ છે." ગ્રીહેમે તેની સિદ્ધિથી બોરિજ પ્રાથમિક શાળાને ગૌરવ અપાવ્યું છે તથા તેની દ્રઢતા અને ઉત્સાહને શાળા પરિવાર બિરદાવે છે. સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવેએ ગ્રીહેમને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની સાપ્તાહિક ઉજવણી

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સમગ્ર વર્ષ દરમિયાન વિજ્ઞાન લક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.તેમજ વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. ડોક્ટર સી.વી.રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષની થીમ GLOBAL SCIENCE FOR GLOBAL WELL-BEING રાખવામા આવી છે જેના અંતર્ગત સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાન લક્ષી વિવિધ કાર્યક્રમો આયોજન સમગ્ર સપ્તાહ દરમ્યાન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.અનિલ કે પટેલ દ્વારા માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં વિજ્ઞાનના જુદા જુદા સિદ્ધાંતોની એકદમ સરળ ભાષામાં સમજૂતી વિજ્ઞાનના જુદા જુદા મોડેલોના નિદર્શન દ્વારા આપવામાં આવી હતી. સીમંધર સીટી,અડાલજ ખાતે આવેલ જ્ઞાનમંદિર, ગુરુકુળના વિદ્યાર્થીઓને ટેલિસ્કોપ દ્વારા આકાશ દર્શન ડો.અનિલ કે પટેલ અને હાર્દિક ભટ્ટ દ્વારા કરાવવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને ગ્રહો ,તારક જૂથો,નક્ષત્રો અને રાશિઓ વિશે વિગતવાર સમજૂતી આપવામાં આવી હતી. તેમજ ટેલીસ્કોપ થી ગુરુ, શુક્ર, મંગળ અને ચંદ્ર દેખાડવામાં આવ્યો હતા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સ્પર્ધાનો વિષય "વૈશ્વિક વિકાસ માટે વૈશ્વિક વિજ્ઞાન" રાખવામાં આવ્યો હતો. વિષયને અનુરૂપ વિદ્યાર્થીઓએ પોતાની મૌલિક ભાષામાં ખુબજ સરસ રજૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગીતેશભાઈ પટેલ(આચાર્ય શ્રીમતી આર.જી.પટેલ કન્યા વિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતાં. નિર્ણાયક તરીકે નરેશ ઠાકર (નિવૃત્ત પી.આર.ઓ. જી.પી.સી.બી. ગાંધીનગર) અને રમણભાઈ પટેલ (નિવૃત વિજ્ઞાન શિક્ષક) સેવા આપી હતી. વક્તુત્વ સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબરે ધ્રુવી દેસાઈ, દ્વિતીય નંબરે વિદ્યા મહેડું અને તૃતીય નંબરે તીર્થ ભટ્ટ વિજેતા થયા હતાં જ્યરે પ્રાથમિક વિભાગમાં પ્રથમ નંબરે પ્રિન્સ પરમાર, દ્વિતીય નંબરે ધ્યાની ભટ્ટ અને તૃતીય નંબરે ગાયત્રી ઠાકોર વિજેતા થયા હતાં. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર અને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કોર્ડીનેટર શિવાંગ પટેલ અને હાર્દિક ભટ્ટે ભારે જહેમત ઉઠાવી હતી.

આર.એન.પટેલ પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

શ્રીમતી આર. એન.પટેલ પ્રાથમિક શાળાના ઉપક્રમે વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંસ્થાના હોદ્દેદારો દ્વારા નક્કી કરવામાં આવેલી થીમ 'મિત્રતા' આધારિત દરેક ધોરણના બાળકો દ્વારા જુદી જુદી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ જિલ્લા અને રાજ્યકક્ષા સુધી ખેલમહાકુંભ સાયન્સ ડ્રામા, બૌદ્ધિક અને શારીરિક લેવલ ઉપર યોજાતી ઈન્ટર કેમ્પસ સ્પર્ધાઓમા મેળવેલી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓને નવાજવામાં આવ્યા હતા. જેમા આમંત્રિત મહેમાનો, સંસ્થાના હોદ્દેદારો તેમજ શાળાના આચાર્ય દ્વારા ઈનામો સર્ટિફિકેટ્સ અને ટ્રોફીઓ એનાયત કરી વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું તેમજ ભવિષ્યની ઉજ્જ્વળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ એ.પટેલ (મંત્રી, એસવીકેએમ), મુખ્ય મહેમાન એચ.એમ ભટ્ટ સાહેબ (શાસનાધિકારી, ગાંધીનગર) તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ- ડૉ.અક્ષય વાળા અને કવન ઠાકર તેમજ ડબલ્યુના એજ્યુકેશન વિભાગના ડીન / WDCના ચેરપર્સન/ કેમ્પસની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓના ડાયરેક્ટર ડૉ.વીણાબેન પટેલની ઉપસ્થિતિ વિદ્યાર્થીઓ અને શાળા પરિવાર માટે ખૂબ જ પ્રોત્સાહક બની રહી હતી. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રોગ્રામ કન્વીનર ભગવતીબેન પટેલ, મનિષાબેન પટેલ, ઉદઘોષક નિમિષાબેન દવે અને બે વિદ્યાર્થીઓ એન્જલ તેમજ હર્ષ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.